ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/ ૨૮
વિતરણ/પોલીસી/
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર
તારીખઃ- ૩૧ /03/૨૦૧૬

// પરિપત્ર //

વિષયઃ- નિગમના વસાહતોની વણવપરાશી ઔદ્યોગિક મિલ્કત તબદીલ કરવા અંગેની નિગમની તા.૨/૧૨/૨૦૧૫ ની નીતિમાં સ્પષ્ટતા કરવા બાબત.

સંદર્ભઃ- પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૪૬, તા.૨/૧૨/૨૦૧૫.

નિગમના ધ્વારા તા.૨/૧૨/૨૦૧૫ ના રોજ નિગમની વસાહતોની વણવપરાશી ઔદ્યોગિક મિલ્કત તબદીલ કરવા અંગે ઉકત સંદર્ભિત પરિપત્ર જારી કરવામાં આવેલ છે. જે અન્વયે નિગમની જુદી જુદી ક્ષેત્રિય કચેરીઓ તરફથી આ પરિપત્ર અનુસંધાને સ્પષ્ટતાઓ/માર્ગદર્શન મેળવવા સારૂ રજુઆતો મળેલ અને તે અનુસંધાને પરિપત્રમાં સુધારાઓ/માર્ગદર્શન/સ્પષ્ટતાઓની જરૂરિયાત હોઇ, તે અંગેની કાર્યસૂચિ નિગમની તા.૧૯/૩/૨૦૧૬ના રોજ યોજાયેલ ૪૮૮મી સભામાં રજુ કરવામાં આવેલ. જે અન્વયે ઠરાવ ક્રમાંકઃ ૪૫/પોસ્ટ વિતરણ/૪૮૮/૨૦૧૬ પસાર કરવામાં આવેલ. જે મુજબ નીચે મુજબના સુધારાઓ/માર્ગદર્શન/સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

- સદરહુ નીતિ ફકત ઔદ્યોગિક પ્રકારની વણવપરાશી મિલ્કતને લાગુ કરવાની રહેશે. અન્ય મિલ્કતોમાં આ નીતિ લાગુ પડશે નહી.
- સદર પરિપત્ર બીન ઔપચારિક પ્રકારની તબદીલીના કિસ્સામાં ૨૦% તબદીલી ફી લઇ લાગુ કરવાની રહેશે.
- આ નીતિ અંતર્ગત તબદીલ થનાર મિલ્કતના કિસ્સામાં પ્રવર્તમાન ફાળવણી દરના પ્રતિ વર્ષ ૧% લેખે મહત્તમ ૧0% ની મર્યાદામાં વણવપરાશી દંડ વસૂલ કરી તા.૩૧/૧૨/૨૦૧૬ સુધી નીચે દર્શાવેલ કિસ્સાઓમાં વપરાશની સમય મર્યાદા વધારી આપવાની રહેશે.
  - જે કિસ્સામાં મિલ્કતના ઔદ્યોગિક વપરાશ અંગે અગાઉ સમયમર્યાદા વધારી આપવામાં આવેલ હોય, તેવા કિસ્સામાં વધારી આપવામાં આવેલ સમયમર્યાદા બાદના સમય માટે પ્રતિ વર્ષ ૧% લેખે વણવપરાશી દંડ વસૂલ કરવાનો રહેશે.
  - જે કિસ્સામાં મિલ્કતના વપરાશ માટે આપવામાં આવેલ મોરેટોરીયમ સમય પૂર્ણ થઇ ગયેલ હોય અને આગળ વપરાશ અંગેની સમયમર્યાદા વધારી આપવામાં આવેલ ન હોય, તે કિસ્સામાં મોરેટોરીયમ સમય પૂર્ણ થયા બાદના સમય માટે વણવપરાશી દંડ વસૂલ કરવાનો રહેશે.
  - ફાળવણીદાર ધ્વારા પોતાને ફાળવવામાં આવેલ મિલ્કત નિયત સમયમર્યાદામાં વપરાશમાં લીધેલ હોય, પરંતુ કોઇ સંજોગોવશાત પાછળથી તેનુ એકમ બંધ થઇ ગયેલ હોય, તેવા કિસ્સામાં જે સમયથી મિલ્કત બીનવપરાશી રહેલ હોય, તે સમયથી પ્રવર્તમાન ફાળવણી દરના પ્રતિ વર્ષ ૧% લેખે મહત્તમ ૧0% ની મર્યાદામાં વણવપરાશી દંડ વસુલ મેળવીને તબદીલી મંજુર કરવાની રહેશે.

- જે કિસ્સામાં મિલ્કતનો વપરાશ કરવા માટે આપવામાં આવેલ મોરેટોરીયમ સમય હાલ ચાલુ હોય, તે કિસ્સામાં તબદીલીથી મિલ્કત મેળવનારને બાકી રહેલ મોરેટોરીયમ સમયનો લાભ મિલ્કતના વપરાશ માટે મળશે.
- જે કિસ્સામાં ફાળણવીદારને ફાળવેલ મિલ્કતનો સમાવેશ નિગમની નીતિ મુજબ વપરાશની વ્યાખ્યામાં ન થતો હોય અને ફાળવણીદાર તેવી મિલ્કત તબદીલ કરવા ઇચ્છતા હોય, તો આ નીતિ અંતર્ગત ૨૦% તબદીલી ફી વસુલ મેળવીને તેઓની મિલ્કત તબદીલ કરી શકાશે.

➢ સદર પરિપત્ર અંતર્ગત મિલ્કતના વપરાશની સમયમર્યાદા વધારી આપતા સમયે લેટ પ્લાન એપ્રુવલ તથા લેટ કન્સ્ટ્રકશન ફી અલગથી વસુલ કરવાની રહેશે નહી.

➢ સદર પરિપત્રના મુદ્દા નં. ૯ ને નીચે મુજબ વાંચવાનો રહેશે.
"ફાળવણીદાર ધ્વારા તેમને ફાળવેલ પ્લોટ નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર પેટા વિભાજન કરવામાં આવેલ હોય અને પેટા વિભાજીત થયેલ ખૂલ્લો/વણવપરાશી પ્લોટ તબદીલ કરવા ઇચ્છતા હોય તો આ નીતિ અંતર્ગત તેઓ પોતાની મિલ્કત તબદીલ કરી શકશે."

➢ આ નીતિની સમય મર્યાદા તા.30/૬/૨૦૧૬ સુધી જ અમલમાં રહેશે. આ પોલીસીનો લાભ લેવા ઇચ્છતા ફાળવણીદારોએ આ પોલીસી અંતર્ગત કરવાની થતી તબદીલીની અરજી નિગમની જે-તે પ્રાદેશિક કચેરીને તા.30/૬/૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે કરવાની રહેશે અને આ યોજના અંતર્ગત મળેલ તમામ અરજીઓ અંગે તા.30/૯/૨૦૧૬ સુધીમાં નિર્ણય લઇ લેવાના રહેશે.

➢ કામચલાઉ તબદીલી હુકમ તેમજ આખરી તબદીલી હુકમમાં "Exit Policy" હેઠળની તબદીલી દર્શાવવાનું રહેશે.

➢ સદરહુ નીતિ અંતર્ગત અગાઉ નિર્ણય લીધેલ કિસ્સા ખોલવાના રહેશે નહી. એટલે કે કોઇ રકમ વસુલ મેળવેલ હોય તે રકમ રીફંડ કરવાના બનશે નહી. જુના કિસ્સાઓ ઉખેડવાના રહેશે નહી.

ઉપરોકત સુધારા સિવાય, અગાઉનો તા.૨/૧૨/૨૦૧૫ ના પરિપત્રથી આપવામાં આવેલ સૂચનાઓ યથાવત્ રહેશે.

સહી/-
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાના:-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ, માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(3) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)